ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ:૨૦૨૬/૦૯/૨૦૨૩ તા:૧૭/૦૯/૨૦૨૩

**સુરત મહાનગર પાલિકા દ્વારા આયોજીત જનઆશિર્વાદ સંમેલન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયું.**

----------

**આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસની ઉજવણી આજે ન માત્ર ગુજરાત કે દેશમાં પરંતુ વિદેશમાં રહેતા ભારતીયો પણ કરે છે.- શ્રી સી.આર.પાટીલ**

----------

**જનતાને વિશ્વાસ છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કોંગ્રેસના ઇન્દિરા આવાસ જેવા મકાનો કે જે ને લાત મારો તો દીવાલ તૂટી જાય, વરસાદ પડે તો પાણી પડે તેવું મકાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કયારેય નહી આપે.- શ્રી સી.આર.પાટીલ**

----------

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશમાં વિકાસની રાજનીતી સ્થાપિ દેશને આત્મનિર્ભર ભારત થકી વિકસીત ભારત બનાવવા દેશના મેડિકલ,સૈન્ય, ઉદ્યોગ,એજ્યુકેશન,મહિલા,યુવા એમ દરેક ક્ષેત્રે અનેક કાર્યો થકી સૌનો સાથ,સૌનો વિકાસ,સૌના પ્રયાસના સુત્રથી ભારતને નવી ઓળખ અપાવનાર આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આજે જન્મદિવસ છે ત્યારે સુરત મહાનગર પાલિકા દ્વારા આયોજીત જનઆશિર્વાદ સંમેલન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયું હતું. સુરત મહાનગરના પ્રમુખશ્રી નિરંજનભાઇ ઝાંઝમેરાએ પ્રાસંગીક સંબોધન કર્યુ.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસની ઉજવણી આજે ન માત્ર ગુજરાત કે દેશમાં પરંતુ વિદેશમાં રહેતા ભારતીયો પણ કરે છે. આજે વિદેશમાં રહેતા ભારતીયો પણ માને છે કે વડાપ્રધાનશ્રી

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

નરેન્દ્રભાઇ મોદી સાહેબનું વ્યકિતત્વ અને નેતૃત્વ એક વિશેષ પ્રકારનું છે તે સાબિત કરે છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિશિષ્ટ કાર્યોનું યોગદાન ન માત્ર આપણા દેશ માટે પરંતુ દુનિયા માટે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના પનોતા પુત્ર છે આપણા તત્કાલીન મુખ્યમંત્રી હતા એટલે ગુજરાત સાથે તેમનો સબંધ એક વિશિષ્ટ છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, આખા દેશમાં કોઇ નાગરિક ઘર વિહોણો ન રહે તેવો સંકલ્પ કોઇ કરી શકે તો તે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ. આવનાર એક વર્ષમાં દેશના તમામ વ્યકિતને પોતાનું ઘર મળે તેનો સંકલ્પ કર્યો હતો તેનો સંપુર્ણ પ્રયાસ કરી રહ્યા છે. આ સંકલ્પ પુર્ણ કરવાની તાકાત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની છે અને તે ચોક્કસ પુર્ણ કરશે. જનતાને વિશ્વાસ છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કોંગ્રેસના ઇન્દિરા આવાસ જેવા મકાનો કે જે ને લાત મારો તો દીવાલ તૂટી જાય વરસાદ પડે તો પાણી પડે તેવું મકાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કયારેય નહી આપે. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે હાઇરાઇઝ્ડ બિલ્ડિગ કે જેમાં લિફ્ટ,પાણી,વિજળીની વ્યવસ્થા આપે છે. કોંગ્રેસે ક્યારેક કહ્યુ હતું કે મકાન માટે ફોર્મ ભરો અમે મકાન આપીશું અને લોકોએ ફોર્મ ભર્યા તે બધા ફોર્મ દરિયાકાંઠે અને નદીકાંઠે બીનવારસી હાલતમાં મળતા લોકોને હતું  કે હવે મકાન ન બને પણ નરેન્દ્ર મોદી હૈ તો મુમકીન હૈ. આજે દેશના લોકોને સારા મકાન મળતા થયા છે જે લાભાર્થીઓ પણ આજે અહી આવ્યા છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અનેક યોજનાઓ જાહેર કરી છે જેમાં આયુષ્યમાન ભારત યોજના, સ્વનિધિ યોજના, મહિલાઓને ગેસના કન્કેશન,સુકન્યા સમૃદ્ધિ યોજના, સહિત 180 જેટલી યોજનાઓ જાહેર કરી છે.  વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની માર્ગદર્શનથી રાજયમાં કુપોષિત બાળકોને સુપોષિત કરવાનો પ્રયાસ ભાજપના કાર્યકર્તા અને સરકાર સાથે મળી કરી રહ્યા છે.  વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે  આવતીકાલથી આખા રાજયમાં બે દિવસ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારની અને રાજય સરકારની દરેક યોજનાનો લાભ અપાવવા વિનંતી કરી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસ નિમિતે પખવાડીયુ સેવાકીય કાર્યો થકી ઉજવણી કરવાની છે જેનાથી જનહિતની સેવા થાય

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

આ કાર્યક્રમમાં રાજય સરકારના મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ,પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી મહેન્દ્રભાઇ પટેલ,સુરત શહેરના પ્રભારીશ્રી શિતલબેન સોની,સુરત શહેરના મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી,ધારાસભ્યશ્રીઓ શ્રી પુર્ણેશભાઇ મોદી,શ્રી વિનુભાઇ મોરડીયા,શ્રી સંગીતાબેન પાટીલ,શ્રી પ્રવિણભાઇ ઘોઘારી,શ્રી અરવિંદભાઇ રાણા,શ્રી મનુભાઇ પટેલ,શ્રી સંદીપભાઇ દેસાઇ તેમજ શ્રી નરોત્તમભાઇ પટેલ,શ્રી ડો. મોસીન લોખંડવાલા,ડે.મેયરશ્રી ડો. નરેન્દ્રભાઇ,સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેનશ્રી રાજનભાઇ સહિત સુરત શહેરના અગ્રણીઓ અને કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)